# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજથી ગુજરાતના 3 દિવસના પ્રવાસે, વિકાસ કાર્યોની ભેટની સાથે સ્વદેશોત્સવ અને શોપિંગ ફેસ્ટિવલનો આરંભ કરાવશે**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના 179 કરોડના વિવિધ વિકાસકામોનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ કર્યું.**
3. **આજથી અમદાવાદથી ઉપડતી ટ્રેનોમાં ઓટીપી આધારિત તત્કાલ ટિકીટ બૂકીંગ સુવિધા શરૂ થશે**
4. **જાસૂસીના કેસમાં ગુજરાત ATSએ ઝડપેલા બે આરોપીઓ 12 દિવસના રિમાન્ડ પર**
5. **મુંબઇ ખાતે રમાયેલી ગુજરાત- મુંબઇ વચ્ચેની કૂચ બિહાર ટ્રોફીની મેચ ડ્રોમાં પરિણમી.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# AMIT SHAH GUJRAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે છે. શ્રી શાહ અમદાવાદ , ગાંધીનગર, વાવ થરાદ અને બનાસકાંઠામાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. શ્રી શાહ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અનેક મુખ્ય માળખાગત સુવિધાઓ અને જાહેર સુવિધા પરિયોજનાનું ઉદ્ઘાટન પણ કરશે

શ્રી શાહ પોતાના દિવસની શરૂઆત સ્વદેશી જાગરણ મંચ દ્વારા અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે આયોજિત સ્વદેશોત્સવના ઉદ્ઘાટન સાથે કરશે. ત્યારબાદ, મંત્રી નાબાર્ડ-IAMAI અર્થ સમિટ 2025-26 ને સંબોધવાના છે. આ બે દિવસીય સમિટ 'વૈશ્વિક પરિવર્તન માટે ગ્રામીણ નવીનતાને સશક્તિકરણ ' અને ભારતના ગ્રામીણ વિકાસમાં સહકારી મંડળીઓની મહત્વપૂર્ણ ભૂમિકાની થીમ પર કેન્દ્રિત છે.

બાદમાં, શ્રી શાહ ગાંધીનગરમાં અનેક જાહેર સુવિધાઓ અને નાગરિક પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે , જેમાં નવનિર્મિત રેલ્વે ઓવરબ્રિજ અને અંડરબ્રિજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો સમાવેશ થાય છે.

શ્રી શાહ તેમના ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને અન્ય અનેક જાહેર કલ્યાણકારી પરિયોજનાનું પણ ઉદ્ઘાટન કરશે.
મંત્રી, સંસદ રમતગમત મહોત્સવના સમાપન સમારોહમાં પણ હાજરી આપશે , ત્યારબાદ અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરશે.

---

## AHD SHOPING FESTIVAL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે આયોજિત અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનો આજથી પ્રારંભ થશે.

અમિત શાહ અને મુખ્યમંત્રી અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ કાર્નિવલ પરેડને ફ્લેગ ઓફ કરાવશે.વોકલ ફોર લોકલ' ને નવી ઊંચાઈ આપતો દેશનો સૌથી મોટો રિટેલ ઉત્સવ બનશે. સ્વદેશી ચીજવસ્તુઓને પ્રોત્સાહિત કરવાના આશય સાથે વસ્ત્રાપુર ખાતેનું સ્વદેશી મોલ, કોટેજ ઇન્ડસ્ટ્રી પ્રદર્શન અને સ્થાનિક કારીગરોની વિશેષ ભાગીદારી પણ આકર્ષણનું કેન્દ્ર બનશે.

ફેસ્ટિવલ દરમિયાન શહેરના આઉટલેટસમાં 15 ટકા થી 35 ટકા સુધીના ડિસ્કાઉન્ટ ગ્રાહકોને ઉપલબ્ધ રહેશે. આ ફેસ્ટિવલ દરમિયાન **AMTS** અને **BRTS**માં નિઃશુલ્ક મુસાફરીની સગવડ સાથે ખાસ ઓફર અને લકી ડ્રોની પણ તક મળશે તેમ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું.

### બાઇટ- બંછાનિધિ પાની, મ્યુનિ. કમિશનર , અમદાવાદ

---

## CM - RANOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના ધોરડો સફેદ રણ ખાતેથી રણોત્સવનો પ્રારંભ કરાવ્યો. શ્રી પટેલે કચ્છ પ્રવાસનને વેગ આપવા અંદાજે **179** કરોડના ખર્ચે ધોરડો, લખપત ફોર્ટ અને ઐતિહાસિક તેરા ગામના વિવિધ વિકાસકામોનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ પણ કર્યું.

મુખ્યમંત્રીએ ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા ધોરડો ખાતે "વંદે માતરમ-રાષ્ટ્રીય ગીતના 150 વર્ષ" હેઠળ આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપી. જેમાં તેમણે "એકત્વ- એક દેશ , એક ગીત , એક ભાવના"ની વિષયવસ્તુ આધારીત વિવિધ રાજ્યો, કચ્છી કલા અને રાજ્યની સંસ્કૃતિને રજૂ કરતી પ્રસ્તુતિઓ નિહાળી હતી.

રણોત્સવના પ્રારંભ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે , માગશર મહિનામાં પૂર્ણિમાએ પૂર્ણ કળાએ ખીલેલા ચંદ્રની ચાંદનીમાં કચ્છના રણનું સૌંદર્ય અલૌકિક અને નયનરમ્ય હોય છે.

---

# RAILWAY BOOKING

પશ્ચિમ રેલવે દ્વારા રેલવે બોર્ડની સૂચનાનુસાર તત્કાલ બુકિંગ સિસ્ટમમાં એક મહત્વપૂર્ણ ફેરફાર અમલમાં મુકવામાં આવી રહ્યો છે. હવે તત્કાલ ટિકિટ માત્ર સિસ્ટમ દ્વારા મોકલવામાં આવેલા વન ટાઈમ પાસવર્ડ ઓટીપીની ચકાસણી બાદ જ જારી કરવામાં આવશે.

આ ઓટીપી તે મોબાઇલ નંબર પર મોકલવામાં આવશે , જે મુસાફરે બુકિંગ સમયે આપ્યો હશે. ઓટીપી આવ્યાની ચકાસણી થયા પછી જ ટિકિટ જારી કરવામાં આવશે. આ ઓટીપી આધારિત તત્કાલ પ્રમાણિકરણ પ્રણાલી આજ થી સાબરમતી – નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ

અમદાવાદ–પુણે દૂરંતો એક્સપ્રેસ, સાબરમતી–જોધપુર વંદે ભારત એક્સપ્રેસ, હાપા–મુંબઈ સેન્ટ્રલ દૂરંતો એક્સપ્રેસ , મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ ટ્રેનમાં અમલી બનશે

નવી પ્રણાલી કોમ્પ્યુટરાઈઝ્ડ પીઆરએસ કાઉન્ટરો , અધિકૃત એજન્ટો , આઈઆરસીટીસી વેબસાઈટ તેમજ આઈઆરસીટીસી મોબાઇલ એપ્લિકેશન મારફતે કરવામાં આવેલી તમામ તત્કાલ બુકિંગ પર લાગુ પડશે.

---

# SIR

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરાઈ રહી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 11મી ડિસેમ્બર સુધી ચાલશે. ત્યારે ગુજરાતમાં 2025ની મતદાર યાદીમાં નોંધાયેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવાયુ છે.

રાજ્યના 33 જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં 100% ફોર્મ વિતરણ પૂર્ણ થયું છે. જ્યારે અમુક જિલ્લાઓમાં 100% વિતરણનું લક્ષ્ય હાંસલ થવામાં છે. આ ફોર્મ પૈકી પરત મળેલા ફોર્મને ડિજિટાઈઝેશનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જે પૈકી કુલ 12 વિધાનસભા ક્ષેત્રમાં ડિજિટાઈઝેશનની કામગીરી 100% પૂરી થઈ ચુકી છે.

જેમાં બનાસકાંઠા જિલ્લાની ધાનેરા અને થરાદ, દાહોદ જિલ્લાની લીમખેડા, દાહોદ (એસ.ટી), અરવલ્લી જિલ્લાની બાયડ, રાજકોટ જિલ્લાની ધોરાજી, જસદણ અને ગોંડલ, જૂનાગઢ જિલ્લાની કેશોદ, ખેડા જિલ્લાની મહેમદાવાદ તથા આણંદ જિલ્લાની ખંભાત અને નવસારી જિલ્લાની જલાલપોર બેઠકનો સમાવેશ થાય છે.

આ કામગીરીમાં 94.35 ટકા ગણતરી ફોર્મના ડિજિટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે. ત્યારે આ ગણતરી દરમિયાન રાજ્યભરમાં 17 લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદારયાદીમાં સામેલ હતા.

જ્યારે **6.14** લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ **30** લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તદુપરાંત **3.25** લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

---

## SARDAR YATRA

વિકસિત ભારતના સંકલ્પનાને સાકાર કરવા તમામ દેશવાસીઓની સભાગીદારીતા અત્યંત જરૂરી છે હોવાનું કેન્દ્રીય માર્ગ પરિવહન રાજ્યમંત્રી હર્ષ મલ્હોત્રાએ જણાવ્યુ હતું. સરદાર એકતા યાત્રાના નવમાં દિવસે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ભદામ ખાતે પહોંચેલી આ યાત્રામાંમોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

આ પ્રસંગે યાત્રામાં ઉપસ્થિતિ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી હર્ષ મલહોત્રાએ જણાવ્યું કે, અખંડ ભારતના પ્રણેતા સરદાર સાહેબને સમર્પિત આ રાષ્ટ્રીય યુનિટી માર્ચમાં સહભાગી થવાનો અવસર તેમના માટે સૌભાગ્યની વાત છે.

## બાઈટ – હર્ષ મલ્હોત્રા, કેન્દ્રી મંત્રી

---

## ATS REMAND

ગુજરાત આતંકવાદ વિરોધીદળે દેશની જાસૂસી કરવાના ગંભીર ગુના બદલ બે લોકોની ધરપકડ કરી હતી. આ બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં **ebLE** તેમને 12 દિવસના રિમાન્ડ પર સોંપવામાં આવ્યા હતા.

અમદાવાદની વિશેષ અદાલત સમક્ષ આ બંને આરોપીઓને રજૂ કરીને 14 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી, જાસૂસી જેવા ગંભીર ગુનામાં સંડોવણીની રજેરજની વિગતો મેળવવાની એટીએસે અદાલત સમક્ષ રજૂઆત કરતાં કોર્ટે બંને આરોપીના 12 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

ATSની વિશેષ ટીમે વિશેષ અભિયાન હેઠળ ગોવાથી એક વ્યક્તિ અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણથી મહિલાની ધરપકડ કરી છે. આ બંને આરોપી રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત ગુપ્ત માહિતી પાકિસ્તાનની_ગુપ્તચર સંસ્થાઓને પહોંચાડતા હતા.

તેમજ દેશવિરોધી પ્રવૃત્તિઓમાં પણ તેઓ સંકળાયેલા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. આ બંને આરોપીઓના રિમાન્ડ દરમિયાન ગુજરાત ATS હવે આ નેટવર્કમાં સંડોવાયેલા અન્ય લોકોની પણ તપાસ કરશે.

---

## KUCH BIHAR TROPHY

બીસીસીઆઇ દ્વારા આયોજીત કૂચ બિહાર ટ્રોફી અંતર્ગત મુંબઈના કાંદિવલી સ્થિત સચિન તેંડુલકર જીમખાના ખાતે ગુજરાત અને મુંબઈ વચ્ચે રમાયેલી ગુજરાતનાં જોરદાર દેખાવથી મુંબઇને બીજી ઇનિંગ 550 રનનો લક્ષ્યાંક મળ્યો હતો. પરંતુ સમય પૂર્ણ થતાં મુંબઈએ 4 વિકેટ ગુમાવીને 281 રન કર્યા હતા જેના કારણે મેચ ડ્રો રહી હતી.

મુંબઈ તેની પ્રથમ ઇનિંગમાં 73.1 ઓવરમાં 10 વિકેટે 207 રન બનાવી ઓલઆઉટ થયું હતું. ગુજરાતે તેની બીજી ઇનિંગમાં 51 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 313 રન બનાવીને દાવ ડિકલેર કર્યો હતો. મુંબઈની ટીમને ગુજરાત 550

રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જેમાં મુંબઈની ટીમ તેના બીજા દાવમાં 104 ઓવરમાં 4 વિકેટે 281 રન બનાવ્યા હતા, જેના કારણે મેચ ડ્રો રહી હતી.

---

## SAVARKUNDLA GATE FREE CITY

અમરેલીના સાવરકુંડલાના સેન્ટ્રલ રેલ્વે ક્રોસિંગને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે, જેના કારણે સ્થાનિકોને અસર થાય છે દરરોજ 26 ટ્રેનો પસાર થતી હોવાને કારણે આ સમસ્યા સર્જાઇ રહી છે.

આ મામલે ભાજપના ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું કે , સાવરકુંડલા શહેરને ફાટક મુક્ત કરવાના પ્રયાસ આદરવામા આવ્યાં છે.

### બાઇટ - મહેશ કસવાલા

---

## DANG DIVYANG

ડાંગ જિલ્લામાં ચાલુ નાણાકીય વર્ષમાં દિવ્યાંગ કલ્યાણ યોજના હેઠળ ૯૫૨ લાભાર્થીને વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવ્યો છે.

ચાલુ નાણાકીય વર્ષ 2025-26માં અત્યાર સુધીમાં ડાંગ જિલ્લાના ત્રણ તાલુકા આહવા વઘઈ અને સુબીરમાં કુલ ૯૫૨ લાભાર્થીને વિવિધ યોજના હેઠળ રૂપીયા 76.46 લાખની સહાય આપવામાં આવી છે.

લગ્ન માટે 50 હજારની સહાય પણ આપવામાં આવી હોવાનું સમાજ સુરક્ષા અધિકારી એસ.વી. રાઠોડે જણાવ્યું હતું.

### બાઈટ - એસ.વી. સમાજ સુરક્ષા અધિકારી ડાંગ

---